ક્રમાંક–૧૪

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**ચોથું સત્ર**
**મંગળવાર, તા. ૨૦મી, ફેબ્રુઆરી, ૨૦૨૪**
**પહેલી બેઠક**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૮–૩૦ વાગ્યે મળ્યું.**

**૧. પ્રશ્નોત્તરી**

મંગળવાર, તા.૨૦મી ફેબ્રુઆરી, ૨૦૨૪(પ્રથમ બેઠક)ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ–૧, ૩, ૫, ૬, ૭, ૯ ( ચર્ચા અધૂરી) ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

**૨. સૂત્રોચ્ચાર અને સભાત્યાગ**

તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્ન અગ્રતાક્રમ–૯ના પૂરક પ્રશ્ન સરકારી નકલી કચેરી પર કાયદેસરની કાર્યવાહી કરવા બાબતનો શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઇ ડીંડોર જવાબ આપી રહ્યા હતા તે દરમ્યાન તેમના જવાબથી અસંતોષ વ્યક્ત કરી સભાગૃહમાં હાજર રહેલા કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓ પોતાના સ્થાન ઉપર ઊભા થઇ સતત સૂત્રોચ્ચાર કરવા લાગ્યા. માનનીય અધ્યક્ષશ્રીએ ગુજરાતની પ્રજા માટે પ્રશ્નોત્તરીનો સમય અગત્યનો હોઇ પ્રશ્નોત્તરી કાળ આગળ ચાલવા દેવા માટે વારંવાર વિનંતીઓ કરવા છતા, કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓએ સભાગૃહની કાર્યવાહીમાં સતત અવરોધ પહોંચાડવાનું ચાલુ રાખતા માનનીય અધ્યક્ષશ્રીએ તમામ સભ્યશ્રીઓને નિયમ–૫૨ હેઠળ નેઇમ કર્યા.

ત્યારબાદ સભાગૃહમાં હાજર રહેલા કોંગ્રેસ પક્ષના તમામ સભ્યશ્રીઓએ સભાત્યાગ કર્યો.

**૩. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે પ્રશ્નોત્તરી કાળ મહત્વનો હોઇ તે દરમ્યાન કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓએ સતત સૂત્રોચ્ચાર કરી, વેલમાં ધસી આવી સભાગૃહની કાર્યવાહી આગળ ચલાવવામાં સતત ખલેલ પહોંચાડી હોવાથી કોંગ્રેસ પક્ષના સભાગૃહમાં હાજર રહેલા તમામ સભ્યશ્રીઓને આજના દિવસની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો જેને ઉદ્યોગ મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂતે સમર્થન આપ્યું.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કોંગ્રેસ પક્ષના સભાગૃહમાં હાજર રહેલા અને નેઇમ કરાયેલા તમામ સભ્યશ્રીઓને આજના દિવસની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કર્યા.

**૪. પ્રશ્નોત્તરી (ક્રમશઃ)**

ત્યારબાદ પ્રશ્નોત્તરી આગળ ચાલી અને તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ–૧૦, ૧૧ અને ૧૨ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

ગેરહાજર સભ્યશ્રીઓના પ્રશ્નો અગ્રતાક્રમ–૨, ૪ અને ૮ને અતારાંકિત ગણવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ–૧૩થી ૭૬ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય ૯–૩૦ કલાકે પૂરો થયો.

**૫. માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)**

સામાજિક સુરક્ષા અને કલ્યાણને લગતી સેવા અંગેની સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૯૨, અનુસૂચિત જાતિ પેટા યોજનાને લગતી સેવા અંગેની સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૯૫ તથા મહિલા અને બાળ વિકાસ વિભાગને લગતી સેવા અંગેની મહિલા અને બાળ વિકાસ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૦૫ સામાજિક ન્યાય અને અધિકારીતા અને મહિલા અને બાળ કલ્યાણ મંત્રી

શ્રીમતી ભાનુબેન બાબરીયાએ રજૂ કરી.

માગણી ક્રમાંક–૯૨, માગણી ક્રમાંક–૯૫ અને માગણી ક્રમાંક–૧૦૫ ઉપરની કાપ દરખાસ્ત માનનીય સભ્યશ્રીઓ સસ્પેન્ડ હોવાથી સભાગૃહમાં રજૂ થયેલ નથી.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ ઉપર ચર્ચા શરૂ થઇ. નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી ઇશ્વરભાઇ પરમાર
(૨) શ્રી જયદ્રથસિંહજી પરમાર
(૩) શ્રી હર્ષદકુમાર પટેલ
(૪) શ્રી કાંતિલાલ અમૃતિયા
(૫) શ્રી દિનેશસિંહ કુશવાહ
(૬) શ્રી ભીખાભાઇ બારૈયા
(૭) શ્રી પરસોત્તમભાઇ પરમાર

**(વિરામ સવારના ૧૦–૩૦થી ૧૧–૦૦)**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૮) શ્રી વિપુલકુમાર પટેલ
(૯) શ્રી કરશનભાઇ સોલંકી
(૧૦) શ્રી કેશાજી ચૌહાણ
(૧૧) શ્રી ગીતાબા જાડેજા
(૧૨) શ્રી ઉમેશ મકવાણા
(૧૩) શ્રી શૈલેષ પરમાર
(૧૪) શ્રીમતી દર્શના વાઘેલા
(૧૫) શ્રીમતી દર્શાનાબેન દેશમુખ
(૧૬) શ્રીમતી રીટાબેન પટેલ

ત્યારબાદ ચર્ચાનો જવાબ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તથા મહિલા અને બાળ કલ્યાણ વિભાગના માનનીય મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાએ આપ્યો

ત્યારબાદ માગણી ક્રમાંક–૯૨, ૯૫ અને ૧૦૫ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, બીજી બેઠક માટે બપોરના ૨–૦૦ વાગ્યે**
**ફરી મળવા માટે બપોરના ૧૨–૫૮ વાગ્યે મુલતવી રહ્યું.**

**બીજી બેઠક**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરીના અધ્યક્ષપદે**
**સભાગૃહ બપોરના ૨–૦૦ વાગ્યે ફરી મળ્યું.**

**૧. પ્રશ્નોત્તરી**

મંગળવાર, તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૨૪ (બીજી બેઠક)ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ–૧, ૨, ૪, ૫, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૪, ૧૫, ૧૬ અને ૧૭ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

ગેરહાજર સભ્યશ્રીઓના તેમજ સભાગૃહમાંથી દૂર થયેલા સભ્યશ્રીઓના પ્રશ્નો અગ્રતાક્રમ–૩, ૬, ૭, ૮ અને ૧૩ને અતારાંકિત ગણાવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ–૧૮થી ૬૭ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય ૩–૦૦ કલાકે પૂરો થયો.

**૨. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)**

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત(નિયમ–૧૧૬) અમદાવાદના મણીનગર વિસ્તારમાં આવેલ એલિગન્સની બાંધકામ સાઇટની ભેખડ ઘસી પડવા અંગે–પ્રભારી સભ્યશ્રીઓ ગેરહાજર તેમજ સસ્પેન્ડ હોવાથી સૂચના હાથ ધરાઇ શકી નહીં.

**૩. માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)**

શિક્ષણને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૯, શિક્ષણ વિભાગને લગતું અન્ય ખર્ચને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૦, અનુસૂચિત આદિજાતિનું કલ્યાણને લગતી સેવા અંગેની આદિજાતિ વિકાસ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૯૩ તથા આદિજાતિ વિસ્તાર પેટા યોજનાને લગતી સેવા અંગેની આદિજાતિ વિકાસ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૯૬ શિક્ષણ અને આદિજાતિ વિકાસ મંત્રી ડો.કુબેરભાઇ ડીંડોરે રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક–૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧, ૭ અને ૧૨ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી. માગણી ક્રમાંક–૧૦ ઉપરની કાપ દરખાસ્ત માનનીય સભ્યશ્રીઓ સસ્પેન્ડ હોવાથી સભાગૃહમાં રજૂ થઇ નથી. માગણી ક્રમાંક–૯૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ અને ૧૯ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી. માગણી ક્રમાંક–૯૬ ઉપરની કાપ દરખાસ્ત માનનીય સભ્યશ્રીઓ સસ્પેન્ડ હોવાથી સભાગૃહમાં રજૂ થયેલ નથી.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ડો. કિરીટકુમાર પટેલ(કોંગ્રેસ પક્ષના દંડકશ્રી)
(૨) શ્રી અમિત ઠાકર
(૩) શ્રી અભેસિંહ તડવી
(૪) શ્રી જયંતિભાઇ રાઠવા
(૫) ડો. મહેન્દ્ર પાડલિયા

**(વિરામ બપોરના ૪–૦૦થી ૪–૩૦ )**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૬) શ્રી અરવિંદ પટેલ
(૭) શ્રી રાજેશકુમાર ઝાલા
(૮) શ્રી માનસિંહ ચૌહાણ
(૯) શ્રીમતી સેજલબેન પંડ્યા
(૧૦) શ્રી કનૈયાલાલ કિશોરી
(૧૧) શ્રી કાળુભાઇ ડાભી
(૧૨) શ્રી ચૈતરભાઇ વસાવા

ત્યારબાદ ચર્ચાનો જવાબ શિક્ષણ અને આદિજાતિ વિકાસના મંત્રીશ્રી ડો.કુબેરભાઇ ડીંડોરે આપ્યો.

ત્યારબાદ રજૂ થયેલ કાપ દરખાસ્તો ક્રમાંક–૧, ૭, ૧૨, ૧૮ અને ૧૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૯, ૧૦, ૯૩ અને ૯૬ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, બુધવાર તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ**
**સવારના ૧૦–૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૬–૦૫ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૨૪

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.